


## સલામી સવારની..

*સખી બની સાથે રહ્યાં ને કલા કામ કરી ગઈ!*
*સ્રી સહજ ભાવે દંભની, કલા કામ કરી ગઈ!*
*ખિલ્યો બહુમતીનો શશી, -કલા કામ કરી ગઈ!*
*ચિનમ્મા થઈ ગયાં અમ્માં, કલા કામ કરી ગઈ!*

હાઈકુ

*ખેલ્યા'તા ખોટો -*
*ખેલ અનામતનો,*
*ખાય છે લાફા...*
*(રાજરમત ભારે પડી)*

*સદીઓ પછી,*
*મુસ્લિમ-સ્રી સન્માન -*
*યાદ તો આવ્યું...*
*(ચૂંટણી માત કી જય)*

### ચિંતન

*અનાગતવિધાતા ચ પ્રત્યુત્પન્નમતિસ્તથા ।*
*દ્વાવૈતો સુખમેધેતે યદ્ ભવિષ્યો વિનશ્યતિ ॥*

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

ભવિષ્યની મુશ્કેલીઓ દૂર કરવા જે અગાઉથી સજ્જ હોય છે અને જે વ્યક્તિ આપત્તિ આવી પડતાં દૂર કરવાના ઉપાય વિચારે છે - આ બે પ્રકારના લોકો સુખે જીવી શકે છે. 'ભાગ્યમાં લખ્યું હશે તેમ થશે.' એવું વિચારીને બેસી રહેનાર નાશ પામે છે.

ભવિષ્યની ફિકર ન કરતાં વર્તમાનમાં જીવવું જોઈએ. સંઘર્ષ કરે તેને વહેલી કે મોડી સફળતા મળે જ છે. આવી પડેલાં પડકારો ઝીલી સતત લડતો રહે છે તેને જ જીવનરૂપી કુરુક્ષેત્રમાં જીત પ્રાપ્ત થાય છે.

જીવન આયોજનબદ્ધ, અને સંપૂર્મ વિચારપૂર્વક - પૂર્વા પરનો વિચાર કરી કોઈ પણ નિર્ણય - પગલાં - સાહસમાં આગળ વધવું જોઈએ - ભવિષ્યના ડર કે ચિંતાથી ભાગ્ય-વિધાતા પર નિર્ણય અને કામ છોડી લઈ નિષ્ક્રિય બેસી રહેનારનું ભાગ્ય પણ 'બેસી' જ રહે છે. 'સૂતેલા નરની ભેંસ પાડો જ જણે, સૂતેલાનું ભાગ્ય પણ સૂઈ જાય છે.' પડકાર ઝીલી તેનો સામનો કરવો જોઈએ.

### સુવિચાર

- જગતમાં 'જોઈએ એટલા' માણસો મળી રહે જ રહે છે,
  પરંતુ 'જોઈએ એવા' માણસો કેટલાં મળે છે - **રાજેષ વ્યાસ**
- અંગત પાસેથી અપેક્ષા રાખવી એ ગુનો નથી, પણ અપેક્ષા માટે અંગત બનવું એ ગુનો છે - **અમૃતબિંદુ**
- સામેવાળો સુખી હોય તો આમંત્રણ વગર જવું નહીં,
  અને દુઃખી હોય તો આમંત્રણની રાહ જોવી નહીં - **જનકલ્યાણ**
- બેવજહ ના દિલ પે બોઝ ભારી રખીયે, જિંદગી એક ખુબસુરત જંગ હૈ, ઈસે જારી રખીયે - **એમ.એમ.એસ.**
- સારી સારી વાતો કરવાં કરતાં સારા કર્મ કરી દેખાડો કેમ કે લોકોને સાંભળવા કરતાં જોવાનું વધારે પસંદકરે છે - **મોરારિ બાપુ**
- આજનું ઓષધ : મેથી અને સુંઠ અડધી-અડધી ચમચી લઈ તેમાં ગોળ ભેળવી નયણા કોઠે ખાવાથી ગઠિયા વામાં ફાયદો થાય છે. **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

વૃદ્ધાવસ્થામાં જયારે દષ્ટિમાં ઝાંખપ આવે અને સાંભળવાની તકલીફ થઈ જાય ત્યારે વૃદ્ધ વડીલ ખાતાં ખાતાં દાળ-શાકના છાંટા જમતાં જમતા કપડાં પર નાખે, ચા-દૂધ ઢોળાય- છલકાય ત્યારે કે કોઈ બોલાવે - ફોન રણકે ન સંભળાય ત્યારે ઘરનાં છણકા કરી વૃદ્ધ વડીલનું અપમાન કરી લેતાં હોય છે. વડીલને વારંવાર બચાવ કરી કહેવું પડે - મને ઓછું દેખાય/સંભળાય છે.

એક યુવાન પુત્ર વૃદ્ધ વડીલ સાથે પંચતારક હોટેલમાં જમવા ગયા. વૃદ્ધ પિતાના હાથમાંથી કઢીનો વાટકો છટકી ગયો. ઝભ્ભો-ધોથિયું બધું બગડ્યું. પુત્રએ કહ્યું, પપ્પા, પહેલા શાંતિથી ભોજન પુરુ કરી લ્યો / પછી હું બધું સરખું કરું છું...

જમ્યા પછી પુત્રએ પિતાના કપડાં સાફ કર્યા અને શાંતિથી બીલ ચૂકવી બહાર નિકળ્યાં - પુત્રને જરા પણ ક્ષોભ કે ગુસ્સો ન હતા. પિતાએ ગાડીમાં બેસતાં પુત્રને કહ્યું - બેટા તું હોટેલમાં કંઈક મૂકી આવ્યો છો... પુત્રએ બધું તપાસી, કહ્યું, પપ્પા કંઈ ભૂલાતું તો નથી! પિતા કહે તેં હોટેલમાં બેઠેલાં બધાને માટે તું એક ઉત્તમ પુત્રનો, આદર્શવર્તનનો પાઠ ભૂલી આવ્યો છે... બધા તને પ્રેમના આદરભાવથી જોતા હતા...

# ઉત્તરપ્રદેશમાં જામતો જંગ

**તંત્રીસ્થાનેથી...**

રાજકારણ જયારે ઘરમાં પેસી જાય અથવા ઘર-પરિવાર રાજકારણમાં પરોવાઈ જાય ત્યારે કેવી વિષાદમય પરિસ્થિતિ સરજાતી હોય છે, તેનું તાદશ ઉદાહરણ ઉત્તરપ્રદેશના 'નેતાજી' તરીકે ઓળખાતા મુલાયમસિંહનું કુટુંબ છે. આખેઆખું કુટુંબ કાકા- પિતરાઈ -ભાઈ - ભત્રીજા અને વહુવારુઓ સહિત ઉત્તરપ્રદેશમાં શાસન કરતી સમાજવાદી પાર્ટીનો કબજો લઈ બેઠું છે. જૂનાં પાઠ્યપુસ્તકોમાં એક બોધ કવિતા આવતી હતી : 'પશુઓમાં પડી એક તકરાર'. આવી જ તકરાર રાજકારણના રંગે રંગાઈ ગયેલા યાદવ પરિવારમાં પણ પડી અને એને વિશ્લેષકોએ દ્વારકાની યાદવાસ્થળી સાથે પણ સરખાવી દીધી. યાદવો અંદરોઅંદર લડીઝઘડીને ખલાસ થઈ ગયા હતા એ કથા કંઈ મુલાયમ, શિવપાલ, રામગોપાલ કે અખિલેશથી અજાણી નથી. બલકે અંદરોઅંદરના કૌટુંબિક ખટરાગથી અખિલેશની જરા ચીલો ચાતરીને ચાલવાની આવકારદાયક રાજનીતિ સામે સંખ્યાબંધ સ્પીડબ્રેકર લગાવી દીધાં છે, એની પણ અખિલેશ સહિત એમના વડીલોને ખબર છે. પરંતુ સત્તા એવી સુંદરી છે જેનો છેડો પકડી રાખવામાં મુલાયમ જેવા પાર્ટીના સંસ્થાપક મોવડીથી લઈ પરિવારના તમામ પુરુષ સભ્યોને ગમે છે. તેથી જયારે પાંચ વર્ષ અગાઉ મુલાયમસિંહે પોતે પ્રોદેશિક રાજકારણથી વેગળા રહી રાષ્ટ્રીય રાજકારણમાં સક્રિય રહેવાની જાહેરાત કરી હતી ત્યારે તેમનો રાજકીય વારસો હસ્તગત કરવા પરિવારમાં જ તડાં પડવાની શરુઆત થઈ ગઈ હતી. ભરતની જેમ રામની પાદુકાઓ પૂજનારા અને પાર્ટીને સત્તાસ્થાને પહોંચાડવા સારું આખી જિંદગી ખરચી નાખનારા સંગઠિત નિષ્ણાત શિવપાલે જયેષ્ઠ બંધુ મુલાયમસિંહે ધૃતરાષ્ટ્રવાળી કરી તે સ્વાભાવિક રીતે જ નહોતું ગમ્યું. પરંતુ પરિવારમાં પરંપરાગત આમન્યા અને નાનામોટાની મર્યાદા પાળવામાં માનનાર શિવપાલે કચવાતા મનથી અખિલેશ યાદવનું નેતૃત્વ સ્વીકારી નંબર ટુ બની રહેવામાં લાંબા ગાળાનું શ્રેય જોયું હતું. તેઓ પડદા પાછળના સીએમ તરીકે વર્તવા લાગ્યા હતા જે યુવાન અખિલેશ માટે એની આધુનિક શૈલીના તથા પ્રામાણિક રાજકારણ સામેનો પડકાર બની રહ્યો હતો. શિવપાલે અખિલેશની મરજી વિરુદ્ધ કેટલાક બાહુબલી અને નામીચા ગુંડાઓને પાર્ટીમાં સામેલ કર્યા ત્યારે અખિલેશથી ચૂપ ન રહેવાયું. કાકા-ભત્રીજા વચ્ચેની લડાઈમાં નેતાજીની હાલત કફોડી થઈ ગઈ તે ત્યાં સુધી કે એમને એક તબક્કે પોતે અખિલેશ કરતાં શિવપાલનું સમર્થન કરતા હોવાની જાહેરાત કરવી પડી હતી. પરંતુ દિલ્હીમાં રાજયસભાના સભ્ય તરીકે સમાજવાદી પાર્ટીના નેતા થઈને બેઠેલાં રામગોપાલે અખિલેશની રાજનીતિ જ ઉત્તરપ્રદેશ માટે અને સપા માટે યોગ્ય હોવાની ઝુંબેશ ઉપાડી. મુલાયમે એમના પિતરાઈ રામગોપાલ અને અખિલેશને પાર્ટીમાંથી તગેડી મૂકવાનો નિર્ણય સુદ્ધાં લઈ લીધો, જેની પાછળ અમરસિંહની સલાહ કામ કરી ગઈ હોવાનું મનાય છે. અમરસિંહને પાર્ટીમાં પ્રવેશ આપ્યા પછી જ યાદવ પરિવારની સાડાસાતી શરૂ થઈ હોવાની માન્યતામાં પૂરું નહીં તો આંશિક તથ્ય તો છે જ. આખરે અખિલેશ યાદવે પાર્ટીના મોટા ભાગના ધારાસભ્યો અને પરિવાર સિવાયના વરિષ્ઠ નેતાઓ પોતાની સાથે હોવાનું પુરવાર કરતાં ચૂંટણીપંચે સાઈકલનું પાર્ટી પ્રતીક અખિલેશ જૂથને સોંપતાં મુલાયમ-શિવપાલ અને અમરસિંહ ઢીલા પડ્યા. અખિલેશ યાદવે ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં ભાજપ (કૌંસમાં નરેન્દ્ર મોદી)નો વિજયરથ રોકવા કોંગ્રેસ સાથે ગઠબંધન રચ્યું તેમાં પણ મુલાયમને કોઈએ પૂછ્યા સુધ્ધાંની દરકાર ન કરી. સપાના સર્વેસર્વા અને ઉત્તરપ્રદેશ પર એકચક્રી રાજ કરતા રહેલા યાદવ નેતા મુલાયમ માટે આથી વધારે અપમાનજનક સ્થિતિ કઈ હોઈ શકે? તેથી તેમણે વખત પૂરતો કોંગ્રેસ સાથેના ગઠબંધનનો વિરોધ કર્યો હતો, પરંતુ છેલ્લે એમનું મન બદલાયું છે અને હવે તેઓ અખિલેશ માટે ગઠબંધનનાં ઉમેદવારોનો ચૂંટણીપ્રચાર કરવા સહમત થયા છે. આટલી પ્રતિકૂળતાઓ વચ્ચે ફસાયેલા યુવાન અખિલેશને જનતા તરફથી સહાનુભૂતિ સાંપડી રહી છે. એ મોદીનાં ચબરાકિયાં વેણ સામે ઈંટનો જવાબ પથ્થરથી વાળે છે. મોદીએ જયારે કટાક્ષ કર્યો કે સમાજવાદી પાર્ટીની સાઈકલ ઘરના જ વાવાઝોડાંમાં ફસાઈ ગઈ છે ત્યારે તાબડતોબ અખિલેશે વળતો પ્રહાર કર્યો કે અમને આંધીમાં સાઈકલ ચલાવતાં આવડે છે! ઉત્તરપ્રદેશની ચૂંટણી રાહુલ-અખિલેશ યુતિનાં ભાવિ નક્કી કરશે એમ મોદીની કરિશ્માનું પણ માપ નીકળી જશે. મુલાયમસિંહે પ્રચારમાં સક્રિય થવાનું જણાવી પુત્રને અનુકૂળતા કરી આપી છે પરંતુ કથળેલી તબિયતને કારણે સોનિયા ગાંધી રાયબરેલી સિવાય બીજે પ્રચાર કરવાનાં નથી. એમની ગેરહાજરી પ્રિયંકાના પ્રવેશથી સભર અને સરભર બની શકશે કે કેમ? થોભો અને રાહ જુઓ. જો સપા-કોંગ્રેસની યુતિ ભાજપ અને માયાવતીને આ ઐતિહાસિક ચૂંટણીજંગમાં હંફાવી શકશે તો એનો ખરો યશ અલબત્ત, સ્ટ્રેટેજિસ્ટ પ્રશાંત કિશોરના ફાળે જશે.

# પ્રતિક્ષાની આંખોમાંથી લાચારીનું આંસુ ટપકી પડ્યાં




તેની સામે અખબાર ખુલ્લું પડ્યું હતું. તેમાં જે સમાચાર હતા તેની તે સાક્ષી હતી.

હજુ ત્રણ દિવસ પહેલાંની જ વાત છે. ઠંડીનો ચમકારો તે દિવસે થોડો ઓછો હતો. તેથી એકદમ ખુશનુમા વાતાવરણમાં તે 'સ્મૃતિ પાર્ક'માં પતિનો હાથ પકડી ફરતાં ફરતાં બોગનવેલની ઘટાની નજીક જઈ પહોંચી. ચટકદાર ગુલાબી, લાલ અને સફેદ બોગનવેલમાં ફૂલો વસંતના વધામણાં કરવા ખીલી ઉઠ્યા હતા. તે બંને ફરતાં હતા તે ભાગ લગભગ નિર્જન રહેતો હતો પણ કોણ જાણે કેમ આજે ત્યાં લોકોનું ટોળું જોવા મળ્યું.

એકઠી થયેલી ભીડની વચ્ચે જગ્યા કરતી તે આગળ વધી અને શું બન્યું છે તે જોવા પ્રયત્ન કર્યો ત્યારે તે દશ્ય દેખાયું તે જોઈને તેના મોમાંથી ચીસ નીકળી ગઈ.

લોહીથી લથબથ આઠ નવ વરસની એક બાળકી ક્ષત-વિક્ષત નિર્વસ્ત્ર જમીન પર પડી હતી. કોણ જાણે કોણ નરાધમ હશે, કયાંથી ઉઠાવી લાવ્યો હશે. નાની બાળકી સાથે દુષ્કર્મ કરી આ હાલતમાં...

તેણે પોતાનો દુપટ્ટો ઉતાર્યો અને તેને ઢાંકવા આગળ વધતી હતી ત્યાં તેના પતિએ જોરથી તેનો હાથ પકડી લીધો અને દાંત કચકચાવતાં બોલ્યા, 'પ્રતિક્ષા આ શું ગાંડપણ માંડ્યું છે?' તું આ બબાબમાં શું કામ પડે છે?

તે વખતે જ પ્રતિક્ષાને લાગ્યું કે તે બાળકીમાં સહેજ હચનચલન થયું. એટલે પ્રતિક્ષાએ જુસ્સાથી કહ્યું, 'જુઓ... જુઓ તે જીવતી છે. તેને હોસ્પિટલે લઈ જઈએ.'

પાસે ઊભેલ એક આધેડ માણસે કંઈક વિચિત્ર રીતે પ્રતિક્ષાની સામે જોયું અને બોલ્યો. 'બહેન, તમારા કોઈ સગાંસંબંધીમાં છે?'

ત્યારે પ્રતિક્ષાનો પતિ તેને ખેંચીને ભીડમાંથી બહાર કાઢતાં બોલ્યો, 'તું ચાલજે અહીંથી, મારા માટે તું મુસીબત ઊભી કરી દઈશ.'

પ્રતિક્ષાની આંખોમાંથી લાચારીનું આંસુ ટપકી પડ્યાં.

એ જ વખતે ફૂલ જેવી નાજુક એક યુવાન છોકરી જે જોગીંગ કરતી આવી રહી હતી તે ત્યાં નજીક આવતાં ઊભી રહી ગઈ. તેણે બધાંની વચ્ચે જઈને જોયું 'ઓહ માય ગોડ' કહેતા તેણે તરત પોતાનો દુપટ્ટો કાઢી પેલી બાળકીને ઓઢાડી દીધો. પછી નીચે બેસી તેની નાડી તપાસવા લાગી. નાડીના ધબકારા જણાતાં તેણે બૂમ પાડી. 'આ તો હજી જીવે છે. તેણે તાત્લાકિ હોસ્પિટેલ લઈ જવી જોઈએ. મારી ગાડી બગીચા બહાર પડી છે ત્યાં સુધી લઈ જવામાં મને કોઈ મદદ કરો.'

પણ સૌ અંગદના પગની જેમ સ્થિર ઊભા રહ્યાં. મુક પ્રેક્ષક બની ને... બધાં જાણે

**અનુસંધાન પાના નં. ૭ પર**

# જીવનમાં સંબંધના સરવાળા અને બાદબાકી




હિન્દી ફિલ્મનું બમ્બૈયા ગીત યાદ આવે છે: ''મતલબ નીકલ ગયા તો કોઈ જાનતે નહીં, ઈતના બદલ ગયે હૈ કિં પહચાનતે નહીં.'' જીવનમાં આ ગીતના સંજોગો જેવી પરિસ્થિતિ આપણામાંથી સહુ કોઈએ અનુભવી જ હોય. દરેક વ્યક્તિના સંબંધના તાર બીજી વ્યક્તિ સાથે મોટા ભાગે કોઈને કોઈ સ્વાર્થ, ગરજ, મતલબ, અપેક્ષાને લઈને જ જોડાયા હોય છે. જ્યારે સંબંધમાં સ્વાર્થ, ગરજ, મતલબ કે અપેક્ષા યા કામ પુરું થઈ જાય પછી સંબંધના દરિયામાં ઓટ આવવા માંડે છે.

એક જાણીતી ગુજરાતી કહેવત છે કે ''સગાં સૌ સ્વાર્થનાં...'' ગુજરાતી કહેવતો અને રુઢિપ્રયોગો એ આપણી ભાષાની સમૃદ્ધિ છે. એમાં આપણા વડીલો-પૂર્વજોનો અનુભવવારસો —અનુભવવાણી છે. સગપણ કોઈ પણ હોય, એમાં સ્વાર્થ હોવાનો. એથી ઉલટું કોઈ પણ નામ વિનાના સંબંધમાં સ્વાર્થ ન જ હોય. જ્યાં તમે કોઈ પાસે કશુંક મેળવવા માટે સંબંધ રાખ્યો જ ન હોય એટલે એમાં સ્વાર્થ નહીં જ આવે. ''સગાં સૌ સ્વાર્થનાં'' આ કહેવતને ટાઈટલ તરીકે લઈને ગુજરાતી ફિલ્મ અને નાટક પણ બન્યાં છે.

ચીની ભાષામાં પણ આવી જ એક કહેવત છે કે ''વૃક્ષ પાસે બધા ફળની લાલચથી જ આવે છે અને થોરની નજીક જવાનું કોઈ પસંદ પણ કરતું નથી.'' આપણી સામાજિક વ્યવસ્થામાં પણ આ વાત આપણને જોવા યા અનુભવવા મળતી હોય છે. ચીની ભાષામાં એમ પણ કહ્યું છે કે સાકર હોય ત્યાં જ બધા કીડા-મકોડા ઉભરાતા હોય છે. તમે જો ઢોળાયેલી સાકર સાફ કરી લો અથવા ભેગી કરી લો એટલે સ્વાર્થનાં બધાં જ સગાં વેરવિખેર થઈ જશે. ઘણી વાર સાકરને પણ ખબર હોય કે આ બધા ઠાઠમાઠ ગળપણ પડ્યું છે ત્યાં સુધી જ છે.

> તમે જો ઢોળાયેલી સાકર સાફ કરી લો અથવા ભેગી કરી લો એટલે સ્વાર્થનાં બધાં જ સગાં વેરવિખેર થઈ જશે. ઘણી વાર સાકરને પણ ખબર હોય કે આ બધા ઠાઠમાઠ ગળપણ પડ્યું છે ત્યાં સુધી જ છે

અમદાવાદના નરેશભાઈની વાત કરીએ. શહેરના સારા વિસ્તારમાં મોકળાશભર્યું ઘર અને નોકર-ચાકર. આથી તેમના સ્વજનો અને મિત્રો અવારનવાર મહેમાન બને. બહારગામથી પણ સ્વજનો અને મિત્રો માટે નરેશભાઈનું ઘર જાણે ગેસ્ટહાઉસ-અતિથિગૃહ. તેઓ મનમાં રાજી થાય કે ઘર ભર્યું ભર્યું લાગે છે. ઢળતી ઉંમરે નરેશભાઈ એકલા પડ્યા. દીકરા અને દીકરીએ પરણીને પોતાની નવી દુનિયા વસાવી લીધી. ઘરખર્ચમાં કાપ મૂકવો પડ્યો. બસ હવે એ જ સ્વજનો અને મિત્રો તેમના ઘરે ફરકતાં પણ નથી.

જીવનમાં સંબંધના સરવાળા અને બાદબાકી વિશે પણ વાત કરીએ. આપણા સૌનાં જીવનમાં આવા પ્રસંગ આવ્યા જ હોય કે જ્યારે આપણને એ વાતનો ખ્યાલ આવી જાય કે કોઈ પણ સંબંધમાં સ્વાર્થ નામનું તત્વ સ્થુળ યા સુક્ષ્મ રુપે સમાયેલું જ છે. નરેશભાઈ જેવા જ અનુભવ સૌને જીવનના કોઈને કોઈ તબક્કે થયા જ હોય કે જ્યારે સંબંધમાં ગળપણ હોય ત્યારે સૌ સ્વજનો ઉભરાતા રહે. તમારી પાસે ભૌતિક સુખ-સગવડો અને પૈસો ઘટવા માંડે યા ખતમ થવા માંડે ત્યારે સાચા સ્વજનનો ખરો પરિચય થવા માંડે છે. જેમ ગળપણ ઘટતું જાય એ પછી બધાં સગાં-વહાલાં વેરવિખેર થવા માંડે છે. બધા વિખેરાઈ જાય તે પછી પણ સાથે રહીને સાથ આપે તે જ સાચા સ્વજન અને મિત્ર. મુશ્કેલીના સમયમાં જ સ્વજન-મિત્રને ઓખળી-પારખી શકાય છે.

સ્ટોપરઃ-

''તમે રણ પાસે નંદનવનની અપેક્ષા રાખી શકો નહીં. રણમાં મીઠી વીરડી તો કોઈક જ હોઈ શકે. રણના કણ-કણમાં વીરડી ક્યારેય મળી આવે નહીં.''

—મોરારિ બાપુ

# સહવાસની સુવાસ...!! સંબંધો સાચવીને જિંદગી જીવવાની ફિલસૂફી સમજી લીધી...!!




શેફાલીને ગાર્ડનીંગનો ઘણો શોખ. એમના પતિની ટ્રાન્સફર થતાં તેઓ પૂનાથી ગાંધીનગર શિફ્ત થઈ ગયા. એક પેન્ટ હાઉસમાં તેઓ ભાડેથી ગોઠવાઈ ગયા.

સ્નેહલે રવિવારે નવરાશના સમયમાં જોયું તો પેન્ટ હાઉસનો એરિયા



અવનવાં કુંડાથી હર્યોભર્યો થઈ ગયો છે. સરસ મજાનો નાનકડો બગીચો ખીલી ઊઠ્યો હતો. ઑફિસ અવર્સ ફલાવર્સ સાથે સૂર્યમુખી-ગુલાબ - ગલગોટા બધાંમાં રાજી થઈને સ્માઈલ આપી રહ્યાં હતા. બોન્સાઈ લીંબુ અને મરચામાં રોપાં પર લીંબુ અને લીલાં મરચાં પણ લલચાવી રહ્યાં હતા...

શેફાલી જાતે જ એ બગીચાની સારસંભાળ લેતી હતી. સ્નેહલે જોયું થોડાં દિવસ પહેલાં લાવેલાં બાંબુ ટ્રીનું કૂંડુ શેફાલી જાતે જ ઘસડીને બીજા કુંડા પાસે શિફ્ટ કરતી હતી. એનાથી ન રહેવાયું એટલે પૂછ્યું, 'કેમ તું એકલી આટલું ભારેખમ કૂંડું જાતે ખેંચે છે? મને ન કહેવાય? અને એને ખસેડવાની જરૂર કેમ પડી! એ ત્યાં સરસ જ લાગે છે.'

શેફાલીએ સસ્મીત કહ્યું, 'હા, તમારી મદદ લેવી જોઈતી હતી, અને તમે જોયું એ છોડ સુકાઈ રહ્યો છે. એટલે એને ખસેડીને બીજા કુંડા પાસે મૂકું છું.' સ્નેહલને હસવું આવ્યું અરે છોડ સુકાય છે તો એમાં પાણી નાંખ, ખાતર નાંખ, ગોડ કર, ઉંધઈની દવા નાંખ, અને બીજા કૂંડા પાસે ખસેડવાથી શું થશે?'

શેફાલીએ હસતાં હસતાં કહ્યું, 'આ છોડ એ જગ્યાએ એકલો હતો એટલે કમરાઈ રહ્યો હતો, એ બીજા છોડ જોડે રહેશે એટલે ખીલી ઉઠશે.'

સ્નેહલને એ વાત જરા અજીબ લાગી, પણ પછી એને જેમ જેમ ભૂતકાળની વાતો યાદ આવતી ગઈ એને નવાઈ લાગી. માના મૃત્યુ બાદ પપ્પા કેવા જ રાતમાં બુઢ્ઢા થઈ ગયા હતા. તેઓ દિવસે દિવસે વૃદ્ધત્વ તરફ જ ખસતાં રહ્યાં. આમ તો એ માના ગયા બાદ સોળ વર્ષ જીવ્યા પણ સુકાઈ ગયેલાં છોડની જેમ જ. અમે બધા અમારી જિંદગીમાં મસ્ત હતાં, પત્ની-બાળકો. એમની કાળજી જેટલી લેવી જોઈએ ન લેવાઈ. મા હતી ત્યાં સુધી એ કયારેય ઉદાસ નહોતા રહેતાં પણ એમાં ગયા બાદ એ ખામોશ થઈ ગયા.

શેફાલીની વાત સ્નેહલને સાચી લાગતી હતી, આ સાચ્ચે જ એકલતામાં માણસ કે છોડ સુકાવા લાગે છે. નાનપણમાં સ્નેહલે બજારમાંથી એક માછલી અને કાચની બરણી ખરીદીને લાવી હતી. એનાં અભ્યાસ ટેબલ પર મૂકી હતી. રંગીન માછલીને પાણીમાં તરત જોઈને એ તે દિવસે રાજી થયો હતો... પણ, માછલી આખો દિવસ ગુમસુન હતી. એણે એના માટે ખાવા દાણાં નાંખ્યાં, પણ એ ચૂપચાપ પાણીમાં આમ-તેમ ફરતી રહી. એનું મન નહોતું ચોંટતું. નાંખેલાં દાણા તળીયે જઈને બેસી ગયાં.

> માણસ છું પણ માણસ જેવા નથી થવાતું,
> ક્ષેમકુશળ ટહુકાના પૂછવા નથી જવાતું !
> સુખમાં છો ને? એવું કેવળ પૂછવું છે પણ -
> સમય અભાવે ખુદને હમણાં નથી મળાતું!
> - કિશોર જીકાદરા

માછલીએ એક દાણો મોંમાં ન નાંખ્યો. બે દિવસ એ એમ જ ફરતી રહી. અને ત્રીજે દિવસે એ માછલી મરેલી પાણીની સપાટી પર તરતી હતી. આજે સ્નેહલને એ નાનકડી રંગીન માછળી પણ યાદ આવી ગઈ. બાળપણમાં જો કોઈએ એને સમજાવ્યું હોત કે એને ખબર હોત તો ઓછામાં ઓછી ત્રણ-ચાર માછલી તો એ લઈ આવત. અને એની એ માછળી ન રમત. કારણ કે એને કંપની નહોતી.

સ્નેહલને ભાન આવી ગયું કે આ સંસારમાં કોઈને એકલાપણું પસંદ નથી. કોઈ કલાકાર એની સાધના માટે સંસારના બંધનો ફગાવીને સિદ્ધિ પ્રાપ્ત કરી લે છે, પણ પછી એ એકલો પડે છે, અને કોઈ સાંભળે, વ્હાલ કરે, વખાણે, સંભાલ લે, વઢે એવું લાગતું હોય છે. માણસ હોય કે છોડ એને સહવાસ જોઈએ છે.

બંધ પડેલા ઘરમાં જાળાં બાજે છે એટલે એને બંધ રાખવા કરતાં ભલે ઓછા ભાડામાંય આપવું જોઈએ જેથી એ દિવાલો સજીવ રહે. કયારેક જોજો ઘરમાં બધાં બહારગામ ગયાં હોય અને એકલો રહેવાનો વારો આવે તો અચાનક ઘર મોટું લાગવાં લાગશે, સમય જશે નહીં, ઊંઘ લાગશે નહી... કારણ જયારે પરિવારમાં સહવાસ હોય તો આનંદ હોય છે.

સ્નેહલ વિચારમાં ચડ્યો હતો કે આપણે આપણી આજુબાજુ જોવું જોઈએ, કોઈ એકલો દેખાય તો એને કંપની આપવી જોઈએ અને એવું એકલવાયાપણું દૂર કરવું જોઈએ. અને જો આપણે જાતે એકલા હોઈએ તો કોઈ સાથી-મિત્ર-પાડોશી શોધીને પણ પોતાની જાતને મુરજાઈ જતાં રોકી લેવું જોઈએ.

એકલાપણું એ સંસારની સૌથી મોટી સજા છે. ઑફિસ કામે બહારગામ ગયેલા વ્યક્તિને સાંજ પડે પરિવાર યાદ આવે છે. એ હોટલની લાઈફથી કંટાળે છે. એને ફરવા જવાનો મૂડ નથી આવતો. એના પરિવારજનો પણ એકલાં કંટાળે છે, પત્ની રસોઈ બનાવવાનો કંટાળો કરી જે હોય એનાં પેટ ભરી લે છે. ઘરનો પુરુષ બહાર હોય એટલે રસોઈ કે શાકભાજી રાંધવાની ઈચ્છા નથી થતી!

સ્નેહલને ખબર પડી ગઈ કે કૂંડા પાસે ખેંચીને રોપા બચાવવા સહેલા છે. પણ જરૂરત તો માણસે માણસની નજદીક લાવવાની છે. એને ખબર પડી કે છેલ્લા બે મહિનામાં એણે પાડોશીને મળવાની તો ઠીક પૂછવાની પણ તસ્દી નથી લીધી. એની પત્ની એકલી રહે છે, એનું શું?

એણે શેફાલીને બૂમ પાડી, 'ચાલ, જરા પાડોશી સાથે પરિચય કેળવી આવીએ.' શેફાલી એમની દીકરી સૃષ્ટિના કપાળે ઠંડા પાણીના પોતા મૂકતી હતી. એને ચાર દિવસથી તાવ હતો. દિવસો નોર્મલ રહેતી સૃષ્ટિને માત્ર સાંજ પડે તાવ આવતો. આજે તો રવિવાર હતો અને સવારે એનું કપાળ ગરમ લાગતાં એણે પોતા મુકવાના ચાલું કર્યા હતા. એ જોઈને સ્નેહલને તરત ધ્યાને આવ્યું કે સૃષ્ટિના રમવાનાં સમયે જ તેને તાવ આવે છે.

એણે તરત જ ફોન ઉપાડી પૂના એનો દીકરો જે હોસ્ટેલમાં હતો ત્યાં ફોન કર્યો, 'જુઓ, અમે કાલે જ ત્યાં આવીએ છીએ અને હોસ્ટેલમાંથી ઉપાડી લઈએ છી.' એ સાંભળતાં જ સૃષ્ટિ કૂદકો મારીને ઊભી થઈ ગઈ. 'પપ્પા, સાચ્ચે જ ભાઈ મારી પાસે આવશે?' સ્નેહલે શેફાલી સામે નજર કરીને કહ્યું, 'તે આજે બાંબુ ટ્રીનું કૂંડું ખસેડ્યું એ મેં જોયું ન હોત તો તને પૂછ્યું ન હોત. તો સૃષ્ટિના તાવનું કારણ પણ મળ્યું ન હોત.' આજે એના કારણે મને જિંદગી જીવવાની ફિલસૂફી મળી ગઈ, અને દીકરીના તાવની દવા પણ...' બધાં સાથે ખડખડાટ હસી પડ્યાં :

**ચૂંટલો** : જિંદગીના કોઈ ખૂણે લાગે કે જીવવાનો રસ ઘટી રહ્યો છે તો એમાં સંબંધોની સહવાસની સુવાસ ઉમેરો, પ્રેમના પાણીનો છંટકાવ કરો એટલે જીવન ખીલી ઊઠશે. કોઈકનો સહવાસ, પ્રેમ, હૂંફ, માયા, સ્પર્શ, લાગણી, દિલાસો, શુભેચ્છા મળી જતાં જીવન ખીલખીલાટ ભર્યું બની જાય છે.